

રીમોટ એન્ડ રોબોટ : ભાંગી - તૂટી સડકો પર પણ જિંદગીને ગબડાવ્યે જતા માનવની સંગે રહીને રોબોટને રફ પાથ પર તાલસે કદમ કરવાના કોડ જાગતાં એ પહોંચી ગયો લીમડા ગામના પારુલ કેમ્પસમાં, જ્યાં પ્રોજેક્શન્સ-'૧૦ અંતર્ગત રોબોટ્રેક ઈવન્ટમાં રાજ્યની વિવિધ ઈજનેરી કોલેજોના ૨૦૦ વિદ્યાર્થીઓએ વિભિન્ન કદ - આકારના ૬૦ રોબોટને ૨૫ મીટર લાંબા માર્ગ પર રીમોટનો ઉપયોગ કરીને ચલાવ્યા કર્યા. વળાંકવાળી કેડી પર રેતી ય પથરાઈ હતી અને બમ્પ પણ કૂદવાના હતા. જો ક્યાંક ગબડ્યા તો પેનલ્ટી ! તસવીરમાં રસપ્રદ સ્પર્ધાને નિહાળવા માટે વિદ્યાર્થીઓ ઉમટી પડ્યા હતા એ પણ જણાય છે. (તસવીર : કીર્તિ પડીયા)



કારમાં સુધાર : વાઘોડિયા તાલુકાના લીમડા ગામે પારુલ કેમ્પસમાં હાલ યોજાઈ રહેલા પ્રોજેક્શન્સ ૨૦૧૦ અંતર્ગત પારુલના ઈજનેરી વિદ્યાર્થીઓએ મારૂતિ - ૮૦૦માં ટેકનીકલ ફેરફાર કરી રીઅર એન્જિન દ્વારા ફ્રન્ટના બદલે રીઅર વ્હીલ ચલાવીને વધ ટોર્ક દ્વારા વાહનને તેજગતિ બક્ષી છે. વળી. એને સ્પોર્ટસ કારનો રૂપકડો લુક આપ્યો છે. લાઈટ વેઈટ આ ગાડીમાં